દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

મંગળવાર ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬

# હિમાલયન વિસ્તારોમાં જોખમનું સતત મૂલ્યાંકન જરૂરી બન્યું છે

ગયા મહિને નેપાળમાં જે મહાહોનારત સર્જાઇ તેનાથી હિમાલયન વિસ્તારોમાં ખોરવાયેલી પર્યાવરણીય સમતુલા વચ્ચે સ્થિતિ કેટલી નાજુક બની ગઇ છે તેના તરફ સૌનું ધ્યાન ખેંચાયું છે. ભારતીય ભૂસ્તર વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ આ સંદર્ભમાં જણાવ્યું છે કે હવે હિમાયલન ક્ષેત્રના જોખમોનું સમગ્રલક્ષી મૂલ્યાંકન થતું રહેવું જરૂરી છે. હિમાલયી ક્ષેત્રમાં ઊંચાઈવાળા વિસ્તારોમાં સર્જાતી એકાદ પ્રાકૃતિક હોનારત હિમસ્ખલન નોતરી શકે છે, નદીઓના પ્રવાહને રોકી શકે છે અને નીચાણવાળા વિસ્તારોમાં વિનાશક પૂર લાવી શકે છે. નેપાળમાં તાજેતરમાં સર્જાયેલી મહા-આપત્તિએ આ ભયંકર ખતરાને ખુલ્લો પાડ્યો છે, તેમ જીઓલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયા( GSI )ના એક સિનિયર અધિકારીએ જણાવ્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે હિમાલયના ખતરાઓનું અલગ-અલગ મૂલ્યાંકન કરી શકાય નહીં; ઉપગ્રહ આધારિત નિરીક્ષણો , ક્ષેત્રીય તપાસ અને જમીની સાધનોનો સમન્વય કરવો ખૂબ જ જરૂરી છે.

નેપાળની આપત્તિ આનું એક ઉદાહરણ છે, જેમાં આવી ક્રમિક ઘટનાઓ સામેલ હોય તેવું જણાય છે. ઉપગ્રહ વિશ્લેષણ દ્વારા લાંગટાંગ લિરુંગ બરફ-ખડક સ્ખલન સ્થળ નજીક પાણીનો સંગ્રહ થયો હોવાનું સામે આવ્યું હતું. 28 ઓગસ્ટના ઉપગ્રહ ચિત્રોમાં અંદાજે 11 હેક્ટર ક્ષેત્રફળ ધરાવતો જળસંચય ક્ષેત્ર જોવા મળ્યો હતો. GSIના પોલિસી સપોર્ટ સિસ્ટમના ADG પ્રદીપ સિંહે જણાવ્યું કે, આનાથી પુરાવો મળે છે કે શરૂઆતના બરફ-ખડકના પતનથી નદી પ્રણાલીમાં અસ્થાયી અવરોધ ઊભો થયો હતો અને પાણી ભરાયું હતું. સિંહે અસ્થિર પર્વતમાળાઓ હોનારતનું રૂપ ધારણ કરે તે પહેલાં જ તેની ઓળખ કરવા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે, "ઉચ્ચ ઊંચાઇ પરની એક નાની અસ્થિરતા પણ હિમસ્ખલન, ભૂસ્ખલન અથવા ગ્લેશિયર ભંગાણ, નદી અવરોધ, ડેમ તૂટવા જેવી સ્થિતિ, કાટમાળનો પ્રવાહ અને નીચાણવાળા વિસ્તારમાં પૂર જેવી ક્રમિક શ્રેણી શરૂ કરી શકે છે. આવી પ્રક્રિયાઓ એકબીજા પર અસર કરીને વિનાશની ક્ષમતા વધારી દે છે." આ વરિષ્ઠ ભૂવૈજ્ઞાનિકે કહ્યું કે પ્રાથમિકતા એવા સંભવિત ઉચ્ચ જોખમ વાળા વિસ્તારોનું વૈજ્ઞાનિક સ્ક્રિનિંગ કરવાની હોવી જોઈએ, જ્યાંથી ઊંચાઈ પરનું ભંગાણ ઝડપથી નદીમાં પ્રવેશ કરી શકે અને નીચાણવાળા વિસ્તારોની વસ્તી અને માળખાકીય સુવિધાઓને અસર કરી શકે.

ગ્લેશિયર પીગળવાથી તેના સપાટી પર કે આસપાસ પાણી જમા થવાથી ગ્લેશિયર સરોવર બને છે. જ્યારે આ સરોવરોમાં વધુ પડતું પાણી ભરાય અથવા ભૂકંપ આવે ત્યારે તે અચાનક ફાટે છે, જેને 'ગ્લેશિયર લેક આઉટબર્સ્ટ ફ્લડ'( GLOF ) કહે છે. ઓક્ટોબર 2023 માં સિક્કિમમાં આવા જ એક વિસ્ફોટના કારણે ઓછામાં ઓછા 60 લોકોના મોત થયા હતા અને ચાર જિલ્લાઓમાં વ્યાપક નુકસાન થયું હતું. સિંહે જણાવ્યું કે, "સેટેલાઇટ નિરીક્ષણો પૂર્વ-ચેતવણી આપી શકે છે, ખાસ કરીને જ્યાં ધીમે-ધીમે અસ્થિરતા વધી રહી હોય. જોકે, હલનચલન વધવું એ દર્શાવે છે કે ઢોળાવ ખતરામાં છે, પરંતુ તે ક્યારે તૂટી પડશે તેની ચોક્કસ આગાહી કરવી મુશ્કેલ છે. આનો ઉકેલ ઉપગ્રહ આધારિત નિરીક્ષણો, ક્ષેત્રીય તપાસ અને જમીની સાધનોના સંકલનમાં રહેલો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે માત્ર સેટેલાઇટ પર નિર્ભર રહેવાને બદલે મલ્ટિ-ટેમ્પોરલ InSAR, ઓપ્ટિકલ ફીચર ટ્રેકિંગ, DEM ડિફરન્સિંગ, ક્ષેત્રીય સાધનો અને જમીની નિરીક્ષણોને એકીકૃત કરવા જોઈએ. આનાથી અધિકારીઓ અસ્થિર ગ્લેશિયર-ખડકો, મોરેન અને ઢોળાવ પ્રણાલીઓની પ્રાદેશિક યાદી બનાવી શકશે અને જે વિસ્તારો નીચાણવાળા ભાગો માટે જોખમી છે ત્યાં વિગતવાર દેખરેખ રાખી શકશે. ભારતીય હિમાલય ક્ષેત્ર માટે આ ચિંતા ખાસ સંબંધિત છે કારણ કે અહીં ગ્લેશિયર્સ, તીવ્ર ખડકો, પરમાફ્રોસ્ટ, ગ્લેશિયર સરોવરો, અસ્થિર મોરેન અને ઝડપથી વહેતી નદીઓ આવેલી છે, જ્યારે નીચાણવાળા વિસ્તારોમાં માનવ વસાહતો અને માળખાકીય સુવિધાઓ કેન્દ્રિત છે. તેમણે કહ્યું, સૌથી મોટો ફેરફાર 'સિન્ગલ-હેઝાર્ડ' (એકલ જોખમ) મૂલ્યાંકનને બદલે 'સોર્સ-ટુ-ઈમ્પેક્ટ મલ્ટિ-હેઝાર્ડ' (સ્ત્રોતથી અસરો સુધીનું મૂલ્યાંકન) પર જવાનો છે. આનાથી અધિકારીઓને માત્ર અસ્થિરતા ક્યાં થઇ શકે છે તે જ નહીં, પરંતુ આગળ શું થઇ શકે અને નીચાણવાળા વિસ્તારોમાં કોને અથવા શાને નુકસાન થઇ શકે તે સમજવામાં મદદ મળશે." જો કે દરેક વિસ્તાર જોખમી છે જ તેવું નથી

તેમ છતાં, બદલાતી ગ્લેશિયર સ્થિતિઓ, વધતા કે અસ્થિર ગ્લેશિયર સરોવરો, ઊંચાઈ પર પરમાફ્રોસ્ટનું ક્ષરણ, તીવ્ર ઢોળાવ, ભારે વરસાદ, ભૂસ્ખલન તેમજ ખીણોમાં વધતા માળખાકીય સુવિધાઓ, વસાહતો અને પ્રવાસન બાબતે સતર્ક રહેવાના કારણો છે. ભારત માટે યોગ્ય પ્રતિભાવ ગભરાટ નથી, પરંતુ વિજ્ઞાન-આધારિત પૂર્વ-તૈયારી છે. ઉદ્દેશ્ય પર્વતોની કુદરતી પ્રક્રિયાઓને નાબૂદ કરવાનો નથી, પરંતુ તેમને વધુ સારી રીતે સમજવાનો, અતિ સંવેદનશીલ વિસ્તારોને ઓળખવાનો, જોખમ ઘટાડવાનો અને પ્રતિભાવ આપવા માટે ઉપલબ્ધ સમય સુધારવાનો છે. સતત વૈજ્ઞાનિક દેખરેખ, સુધારેલા ડેટા શેરિંગ, યોગ્ય જમીન-ઉપયોગ આયોજન, મજબૂત માળખાકીય સુવિધાઓ અને સમુદાયની તૈયારી સાથે જોખમોનું વધુ સારી રીતે સંચાલન કરી શકાય છે. પર્યાવરણીય અમસતુલન ઘટાડવાની સાથે જોખમોનું સતત મૂલ્યાંકન પણ હવે જરૂરી બન્યું છે.

## બે વરુઓની લડાઇ



વિદેશની એક પ્રાચીન લોકકથા અનુસાર, ઠંડીના દિવસો હતા. એક વૃદ્ધ દાદા પોતાના પૌત્ર સાથે તાપણા પાસે બેઠા હતા. પૌત્ર દુઃખી હતો. તેણે કહ્યું, 'દાદા, મારા મનમાં હંમેશાં લડાઇ ચાલતી રહે છે. હું સારો માણસ બનવા માગું છું, પરંતુ બની શકતો નથી. હંમેશા ગુસ્સો, ઈર્ષ્યા અને ભય મને ઘેરી લે છે અને મને સારો માણસના સ્થાને ખરાબ માણસ બનાવી દે છે અને હું કંઈ જ કરી શકતો નથી.મને સમજાતું નથી કે હું સારો માણસ બનવા માંગું છું છતાં કેમ બની શકતો નથી?'

દાદાએ કહ્યું, 'બેટા, મને આનું કારણ ખબર છે. દરેક માણસના હૃદયમાં બે વરુ રહે છે.એક વરુ ગુસ્સો, ઈર્ષ્યા, લોભ, અહંકાર અને ડરનું પ્રતિનિધિત્વ કરે છે. બીજું વરુ પ્રેમ, કરુણા, ધીરજ, સત્ય, વિશ્વાસ અને આશાનું પ્રતિનિધિત્વ કરે છે અને આ બંને વરુ માણસના મનમાં સતત લડ્યા કરે છે.'

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

પૌત્રે ઉત્સુકતાથી પૂછ્યું, 'દાદા, તો બંનેમાંથી જીતે કોણ?'

દાદાએ શાંતિથી જવાબ આપ્યો, 'જેને તું રોજ તારા વિચારો ખવડાવીને તાકતવર બનાવે તે વરુ જીતે એટલે હવે તું જ નક્કી કરજે કે તારે કયા વરુને તાકાત આપીને જીતાડવું છે.'

દાદાના આ શબ્દો અને તેની પાછળ રહેલી સમજ પૌત્રના હૃદયમાં ઊતરી ગયા. તે દિવસથી જ્યારે પણ તેને ગુસ્સો આવતો, તો તે સીધો ગુસ્સે થતો નહિ પણ બે ઘડી અટકી પહેલાં વિચારતો, 'હું કયા વરુને ખવડાવી રહ્યો છું?' જ્યારે ઈર્ષ્યા થતી ત્યારે પણ તે વિચારતો અને ઈર્ષ્યાના સ્થાને તે કૃતજ્ઞતા પસંદ કરતો. જ્યારે ડર લાગતો ત્યારે પણ બે ઘડી અટકીને વિચારીને હિંમત પસંદ કરતો. ધીમે ધીમે તેનું જીવન બદલાવા લાગ્યું. હવે તેને સારા માણસ બનવા માટે વિચાર કે મહેનત કરવી પડતી ન હતી. તે આપોઆપ સારો માણસ બનવા લાગ્યો. આપણી અંદરની પરિસ્થિતિ જ બહારનું જીવન બનાવે છે. આપણે રોજ જે વિચારોને પોષણ આપીએ છીએ, તે જ આપણો સ્વભાવ બની જાય છે. હંમેશા સારા વિચારોને પસંદ કરો એટલે જીવન આપોઆપ સુંદર બનશે.

# સંસ્કૃતિક સમજણ ને જાળવવાનું કામ કોનું ? સરકારનું કે લોકોનું?

## શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

**આ તહેવારો ખેતીપ્રધાન ભારતની પરંપરા છે અને હવે સ્માર્ટ સિટીમાં તે ઉજવાય છે ત્યારે તહેવારોનો વિચાર ગાયબ થયો અને ટ્રેડિશન આગળ ચાલી**

ભારત ખેતીપ્રધાન દેશ હતો... એટલા માટે કારણ કે પહેલાં ભારતની રાષ્ટ્રીય આવકમાં ખેતીનો હિસ્સો ૫૦%થી વધુ, રોજગારીમાં ૮૦%થી વધુ અને નિકાસો પણ ખેતીપ્રધાન વસ્તુઓની હતી. પણ હવે આવકમાં માત્ર ૧૪%થી પણ હિસ્સો ઓછો થઈ ગયો છે, નિકાસો ઔદ્યોગિક થઈ ગઈ છે અને માત્ર રોજગારીમાં હિસ્સો ૫૨%થી વધુનો ટકી રહ્યો છે. એટલે ઘણા અર્થશાસ્ત્રીઓ માને છે કે હવે ભારત ખેતીપ્રધાન નથી રહ્યું. ભારતમાં ખેતી એ માત્ર વ્યવસાય નથી... એ જીવનની રીત છે. પણ હવે આ સમજણ ઓછી થતી જાય છે. ભારતમાં ખેતી આપણા રોજિંદા જીવન સાથે વણાયેલી હતી, પણ હવે શહેરી સમજણમાંથી આ બધું નીકળી રહ્યું છે.

આ સાતમ-આઠમના તહેવારો જ લો ને... દેખીતી રીતે ધાર્મિક લાગતી આ પરંપરાના મૂળમાં ખેતી રહેલી છે. નાગપાંચમથી શરૂ કરો... પહેલાં નાગની પૂજા, પછી ગાયની પૂજા, પછી અગ્નિની પૂજા, વરસાદની પૂજા, ઘાસની પૂજા...એક વાત યાદ રાખો, તહેવારો સમાજની પરંપરામાંથી આવે છે. ખેડૂતને ખેતરમાં રોજ જીવજંતુ, સાપ-વીંછી સાથે પનારો પાડવાનો. વળી, ખેતી માટે અળસિયા ઉપયોગી, સાપ હોય તો ઉંદરડા ન આવે, ગાય તો દૂધ અને આવકનો મોટો આધાર.

આર્યો અગ્નિપૂજક, એટલે અગ્નિને દેવ માને. અત્રે એક વાત યાદ કરવી કે ભારતીય પરંપરામાં આપણે એવું રાખ્યું છે કે જે બાબત માણસને જીવન જીવવામાં ઉપયોગી થાય, એ બાબતને વર્ષમાં એક વાર 'થેન્ક યુ' કહેવું. આગ, પાણી, હવા એ તો જીવનના આધાર, એટલે એને પંચતત્ત્વો ગણ્યા અને ભગવાન પણ માન્યા. પણ સાથે સાથે નદી, પર્વત, વૃક્ષ, ગાય... એ બધું પણ ખેતી માટે ઉપયોગી, એટલે વર્ષમાં એક દિવસ એને પણ 'થેન્ક યુ' કહેવાનું રાખ્યું. ભારતમાં પહેલાં વર્ષમાં બે વાર કે વધુમાં વધુ ત્રણ વાર પાક લઈ શકતા. એટલે ખેતી થાય... પાક તૈયાર થાય ત્યારે ઉત્સવ આવે. ચોમાસાની ખેતીનો પાક આવે ત્યારે નવરાત્રી આવે અને શિયાળુ ખેતીનો પાક આવે ત્યારે ધુળેટી આવે.

ટૂંકમાં, આ તહેવારો ખેતીપ્રધાન ભારતની પરંપરા છે. અને હવે સ્માર્ટ સિટીમાં તે ઉજવાય છે ત્યારે તહેવારોનો વિચાર ગાયબ થયો અને ટ્રેડિશન આગળ ચાલી. ઉજવણી કરવાની, પણ વિચાર્યા વગર... સમજણ વગર...હવે આપણો મૂળ પ્રશ્ન એ છે કે શું સત્તાવાળાઓની આ બાબતમાં જવાબદારી ખરી કે નહીં? સાંસ્કૃતિક સમજણને આગળ વધારવામાં સત્તાવાળાઓ ભાગ ભજવી શકે? એ કામ તેમણે કરવું જોઈએ?

તો જવાબ છે – હા.

ભારતના બંધારણ મુજબ દેશના સાંસ્કૃતિક વારસાને આગળ વધારવાનું કામ સરકારોનું પણ છે. અને હમણાં હમણાં દેશમાં સામાજિક વિસંવાદિતાના જે પ્રશ્નો ઊભા થયા છે, તે હળવા કરવામાં આ સમજણ ખૂબ ભાગ ભજવી શકે.

સરકારે તહેવારોનું વેપારીકરણ અને કર્મકાંડોના ધંધાને અટકાવી, સાચી સમજણ સાથે તહેવારો ઉજવાય તે જોવું જોઈએ. આ માટે માત્ર સરકારી ઉત્સવો અને તેનું બજારુ રૂપ અમલમાં મૂકવાનું નથી, પણ શિક્ષણમાં આ સમજણ સામેલ કરવાની છે, કાયદાઓમાં તે લાવવાની છે અને આ વારસાને જાળવવા મથતા લોકોને મદદ કરવાની છે.

આપણા શિક્ષણથી માંડીને કોર્ટ-કચેરી સુધી બધું જ ઉદ્યોગપ્રધાન શહેરોને ધ્યાનમાં રાખીને ચાલે છે. ખેતીને ધ્યાનમાં રાખીને આ બેંકો, સ્કૂલો, સરકારી ઓફિસો નથી ચાલતી.

આજે સાતમ-આઠમની સ્કૂલોમાં રજા હોય છે, પણ ટ્યુશન ક્લાસીસોમાં રજાઓમાં ચિક્કાર ભીડ હોય છે. યંત્રવત જીવનમાં તહેવારોનો આનંદ ઉમેરાતો નથી. શહેરમાં આવેલા સૌને ગામડે જવું હોય છે, એની વ્યવસ્થા વિચારાતી નથી.

માત્ર કૃષિમેળા કરવાથી વાત પૂરી નથી થતી. ખેતીને અનુરૂપ વ્યવસ્થા ગોઠવાય તો ખેતી અને તે સાથે જોડાયેલા તહેવારો સાચી રીતે ઉજવાય.

આ વાત અમે એટલા માટે કરી રહ્યા છીએ કારણ કે અત્યારે રાજ્યમાં અને કેન્દ્રમાં સંસ્કૃતિપ્રેમી સરકાર છે (અથવા તો એવો દાવો કરતી સરકાર છે). સરકારે ગ્રામ્ય વિસ્તારો માટે અલગ અને શહેરી વિસ્તારો માટે અલગ વ્યવસ્થાઓ વિચારવી જોઈએ.

ગામડામાં ખેતીના સમય મુજબ સ્કૂલો, બેંકો અને મામલતદાર કચેરીઓ ચાલે, એમની ભાષામાં વાત કરે અને તેમના તહેવારોની ઉજવણીમાં સામેલ થાય તેવા લોકો સાથે વ્યવસ્થા ચાલે, તે ખૂબ જરૂરી છે. પણ આ સમજણ આ લોકોને આપે કોણ? આજે ઉત્સવો ધંધો બની ગયા છે. દશેરામાં ફાફડાનું, દિવાળીમાં ફટાકડાનું કે ઉત્સવોમાં બેસૂરા ડી.જે.નું મહત્વ વધ્યું છે. પ્રકૃતિનો આદર, ગરીબોને મદદ અને ઉજવણીના મૂળ વિચારને તો સૌ ભૂલી રહ્યા છે.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# મંકોડાગાડીની માયાજાળ..!

## મંગલ મસ્તી



રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

**ધરતી ઉપર પ્રગટ થયા પછી આપણી જો કોઈ નોંધ જ ન લે, તો એ જિંદગી શું કામની? શું માત્ર મતદાર યાદીમાં નામ બોલાવવા જ રોકાવાનું?**

હવે, તમે તો જાણો કે ચમનિયાનું ભેજું એટલે અફલાતૂન! ભગવાને પાંચ-છ વેકેશન પાડીને બનાવેલું! ચમનિયો પોતે ફુલ્લી વેજીટેરિયન, પણ લોકોનું ભેજું ખાવામાં માહિર! કોઈના નામ આગળ 'ડોક્ટર' લાગે કે 'એડવોકેટ' લાગે, ત્યારે ચમનાના નામ આગળ 'ભેજાબાજ' લાગે. એટલે 'ભેજાબાજ ચમનિયા'થી જ પરગણામાં ઓળખાય! 'ભેજાબાજ ચમનિયો' કહો નહીં, ત્યાં સુધી એનો 'કમાન્ડ' જ નહીં ખૂલે! બોસ! પેપરનું પાનું વાંચ્યું ને એનું ભેજું ટટાર થઈ ગયું.

બગાસું ખાતાં પતાસું પડ્યું હોય એમ મને કહે, 'રમેશિયા! પૃથ્વી ઉપર માત્ર આંટો મારવા આવ્યા હોય એમ જીવવા કરતાં, આમની જેમ વિખ્યાત થઈને રિટર્ન થઈએ તો ભગવાન પણ આદર-સત્કાર કરે. ધરતી ઉપર પ્રગટ થયા પછી આપણી જો કોઈ નોંધ જ ન લે, તો એ જિંદગી શું કામની? શું માત્ર મતદાર યાદીમાં નામ બોલાવવા જ રોકાવાનું?' પછી ચમનિયો પોતે જ ગણતરી કરવા લાગ્યો, 'ખેંચી-ખેંચીને વિચાર કરીએ તો આપણને ઓળખે કેટલા? છાપાવાળો, ભંગારવાળો, શાકભાજીવાળો, બેંકવાળો, પરચુરણ ઉઘરાણીવાળો કે સાસરીવાળા! બાકી વાઈફ સિવાય કોઈને કિંમત નહીં! એ પણ માત્ર ગણતરીમાં રાખે કે મારે એક હસબન્ડ છે. બાકી ગણનામાં કેટલા છે એ તો દરેક જાણે!'

ચમનિયાની ફિલોસોફી સાંભળીને ખરેખર મારી આંખમાં ઝળઝળિયાં આવી ગયાં! ભજીયાં સાથે આવેલા પેપરના એક ટુકડાએ ચમનિયાને ચકરાવે ચઢાવી દીધો હતો. મગજમાં ખીલો ભોંકાઈ ગયો હોય એમ લવારે ચઢી ગયો, 'આ જગતને મારે કંઈક તો કરી બતાવવું જ છે!' જાણે ભજીયાંમાંથી ભગવતકૃપા મળી હોય!

પેટ છૂટી વાત કરું તો આજકાલ વિચાર આવવો જ મહત્ત્વનો છે. બાકી 'ખાધું-પીધું ને રાજ કર્યું'ના અનુગ્રહી લોકો જીવનમાં કોઈ કાંદો કાઢી શકતાં નથી. બ્રિટનના જાણીતા બિઝનેસમેન ડેવ ફિશવિકે એક વખત પોતાનાં ગ્રાહકોને મદદ કરવા માટે બેંક પાસેથી લોન માંગી હતી.

બેંકે લોન નકારી તો તેમણે 2011માં પોતાના શહેર બર્નલીમાં નવી લોન કંપની શરૂ કરી અને 'બેંક ઑફ ડેવ' તરીકે ઓળખ મેળવી. એ જ રીતે બ્રિટનના ઉદ્યોગપતિ એડમ ડીરિંગે 21 વર્ષની ઉંમરે જે બેંકે તેમને લોન આપવાનો ઈનકાર કર્યો હતો, એ જ બેંકની ઈમારત 18 વર્ષ પછી ખરીદી લીધી!

આ વાત ચમનિયાના ભેજામાં પેસી ગઈ અને તેમાં પણ જોમ આવ્યું પણ મારા કરતાં પણ ચંદુ ચપાટી તેનો જીગરજાન મિત્ર! વાંદરાને સીડી આપે એવો! તેણે ચમનાના મગજનો ફુગ્ગો એવો ફુલાવ્યો કે, 'સાંભળ! જગતને જરૂરી હોય એવી કોઈ ચીજ તું શીખી લે.

પછી તારે જગત પાસે જવાની જરૂર નહીં પડે. તું જંગલમાં હશે તો જગત તને શોધતું-શોધતું જંગલમાં આવશે!' પછી ચંદુએ આઈડિયા આપ્યો, 'આજકાલ પેટ્રોલ-ડીઝલના ભાવ આસમાને છે અને વાહનોને રસ્તા પણ ફાવતાં નથી.

ફિનલેન્ડ, નોર્વે અને સાઈબેરિયામાં રેન્ડિયર સ્લેજ ચાલે છે. કેનેડા, ગ્રીનલેન્ડ અને અલાસ્કામાં કૂતરાંની ગાડી ચાલે છે. મંગોલિયા, તિબેટ અને નેપાળમાં યાકગાડી ચાલે છે. ભારતમાં બળદગાડી, ઊંટગાડી અને ઘોડાગાડી છે પણ ભારત પાસે મંકોડાગાડી નથી!'

ચંદુએ કહ્યું, 'ગણપતિબાપાએ પણ ઉંદરને વાહન બનાવ્યું છે. તો તું મંકોડાની ગાડી કેમ ન બનાવી શકે? ખાડા-ટેકરા તો ઠીક, દીવાલ પર પણ દોડાવી શકાય! કોઈ સિદ્ધ પુરુષને શોધીને મંકોડાને શક્તિપાત કરાવી લઈશું. પછી તું પણ વિખ્યાત અને મંકોડો પણ વિખ્યાત!'

ચમનિયાને આ વિચાર એવો ગમ્યો કે જાણે ભારતનું નવું અવકાશયાન શોધી કાઢ્યું હોય! બોલ્યો, 'ન પેટ્રોલની ચિંતા, ન પંચરની ચિંતા, ન લાઈસન્સની ચિંતા, ન પીયુસી અને વીમાનું ટેન્શન!' પણ અહંકાર આવે ત્યારે બુદ્ધિ તડીપાર થવા માંડે! ચમનિયાએ ખરેખર ભૂવા પાસે મંકોડાનો શક્તિપાત કરાવી નાખ્યો.

ગોળના માટલામાં ફરતા મંકોડામાંથી ચાર મોટા કાળા મંકોડા પકડી, તેમને માચીસના ખોખા સાથે બાંધી અને 'મંકોડા-ગાડી' તૈયાર કરી નાખી!

મને કહે, 'ભોંપું વગાડવાની જરૂર જ નથી. કોઈ આડો આવ્યો તો મંકોડો એવો ચટકો ભરશે કે સામેવાળો ચીસ પાડતો થઈ જશે. ડીઝલના બદલે મંકોડાની આગળ ચપટી ખાંડની પોટલી બાંધી દેવાની. પછી ગાડી રસ્તા પર પણ દોડશે, દીવાલ પર પણ દોડશે અને ઘરના છાપરા પર પણ! સીધી પણ દોડશે અને ઊંધી પણ!' ધન્ય છે એની વિચારસરણી! એ બોલે ત્યારે એવી ગંધ આવે કે ચમનિયાના પૂર્વજો નક્કી શેખચલ્લી હોવા જોઈએ! છેવટે અનુભવે ચમનિયાને સમજાયું કે પામર માનવીનું આ ગજું નથી.

ગણપતિબાપા તો ભગવાન છે, એટલે ઉંદરને પણ કાબૂમાં રાખી શકે. મંકોડો તો ગળપણનો ગુલામ! જ્યાં ખાંડ દેખાય ત્યાં દોડે!

છેવટે ચમનિયાએ પણ હથિયાર નાખી દીધાં, 'ભાઈ, આજથી તું તારા રસ્તે અને હું મારા રસ્તે! અમારે તો કડવા સાથે પણ વ્યવહાર રાખવા પડે. વિખ્યાત નહીં થવાય તો વાંધો નહીં, પણ સંસ્કાર નહીં છોડાય!'

**લાસ્ટ બોલ**

**રામાયણ અને મહાભારત વચ્ચે તફાવત શું..?**

**બંને એ સમજાવે છે કે, ક્યારેય કાચા કાનના રહેવું નહિ. કોઈની વાત સાંભળીને મગજને Lock નહિ કરવાનું.**

**1 મંથરાની વાત સાંભળી તો ભગવાન શ્રીરામને વનવાસ મળ્યો.**

**2 સુર્પણખાની વાત સાંભળી તો સોનાની લંકા બળીને ખાખ થઇ ગઈ અને રાવણ જેવો પંડિત અને જોરાવરનો પણ નાશ થયો.**

**3 શકુનિની વાત સાંભળી તો કુરુવંશનો નાશ થયો.**

**૪ અયોધ્યાના એક માણસની વાત સાંભળી તો ભગવતી સીતા વગર અયોધ્યા સૂની પડી ગઈ..!**

**માટે સખણા જ રહેવું.**

**એના કપાળમાં કાંદા ફોડું...!**

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## મૃત્યુઃ જીવનનું અંતિમ સત્ય

પ્રત્યેક સજીવના જીવનનું અંતિમ સત્ય મૃત્યુ જ છે. અમીબા નામના પ્રજીવ સિવાય કોઈ સજીવ અમરપટો લખાવીને નથી આવ્યું. કહેવાય છે, જે સૂતું ઝોળીએ, એ સૂવે હોળીએ.' અર્થાત્ જીવનનો અંત નિશ્ચિત છે. યથાયોગ્ય સમયનું મૃત્યુ શોકને લાયક ન હોય. લીલીવાડી નિહાળી હોય, જીવન સારી રીતે માણી લીધું હોય અને જીવનના અંત સમયે જો શરીર સાથ ન આપતું હોય તો મૃત્યુ આવકાર્ય બની જાય. વધુ રિબામણી ભોગવવી પડતી હોય, તો પણ મૃત્યુની ઈચ્છા યોગ્ય. પરંતુ મૃત્યુ આવવું એ કોઈના પણ હાથની કે વશની વાત નથી! કર્મના બંધનમાંથી મુક્ત ન થવાય ત્યાં સુધી મોક્ષપ્રાપ્તિ થતી નથી. કહેવત છે કે, 'જીવીશું તો જેમ તેમ પણ મરીશું તો કેમ કેમ?' શાસ્ત્રોમાં લખ્યું છે કે, ગયા જન્મનાં કર્મ પણ આ જન્મે ભોગવવાં જ રહ્યાં. સ્વર્ગ-નર્ક બધું અહીં જ છે ! જો કે વૈજ્ઞાનિક દ્દષ્ટિકોણથી વિચારીએ તો પૂર્વજન્મ કે પુનર્જન્મ જેવું કશું હોતું જ નથી ! કારણકે વિજ્ઞાનને આના ઠોસ પુરાવા પ્રાપ્ત થયા નથી. યુવાન વ્યક્તિના મૃત્યુ પર અનહદ દુઃખ થવું જ જોઈએ, પણ અતિ વયસ્ક વ્યક્તિનું મૃત્યુ, જે રિબામણી અનુભવતું હોય એના મોક્ષ માટે પરિવારજનોની પ્રાર્થના મારી દ્દષ્ટિએ યથાયોગ્ય ગણાય.

**સુરત - નેહા શાહ**

## બાળમજૂરી માટે માત્ર કાયદાઓ પૂરતા નથી?

સમાજની એક ગંભીર સમસ્યા હોય તો તે બાળમજૂરી છે. જે ઉંમરે બાળકોએ ભણવું જોઈએ, પોતાનું ભવિષ્ય ઘડવું જોઈએ અને રમવું જોઈએ, એ ઉંમરે તેઓ મજૂરી કરવા મજબૂર બને તે કેવી સામાજિક વ્યવસ્થા કહેવાય? ગરીબી, માતા-પિતાની આર્થિક મુશ્કેલી, શિક્ષણનો અભાવ અને જાગૃતિના અભાવે આજે પણ બાળમજૂરી જોવા મળે છે. શહેરની ફેક્ટરીઓ, દુકાનો અને અન્ય સ્થળોએ બાળકો મજૂરી કરતા હોવાનાં દૃશ્યો હજી પણ જોવા મળે છે. ભારતમાં બાળમજૂરી રોકવા માટે કાયદાકીય પ્રતિબંધો મૂકવામાં આવ્યા છે. સરકાર દ્વારા પગલાં પણ લેવામાં આવે છે. બાળમજૂરી સામે જનજાગૃતિ ફેલાવવા માટે અનેક એનજીઓ પણ સતત કાર્યરત છે. છતાં બાળમજૂરી આજે પણ ગંભીર સમસ્યા બની છે. બાળમજૂરીના સંપૂર્ણ નિવારણ માટે માત્ર કાયદા પૂરતા નથી. ગરીબ પરિવારોને આર્થિક સહાય મળે અને બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા અસરકારક રીતે અમલમાં આવે તે જરૂરી છે. તેની જવાબદારી સરકાર સાથે સમાજની પણ છે. બાળમજૂરી કરાવતા લોકોની જાણ સંબંધિત અધિકારીઓ કે સંસ્થાઓને કરવી જોઈએ. આ બાળકો દેશનું ભવિષ્ય છે. તેમને સુરક્ષા, પોષ્ટિક ભોજન અને સર્વાંગી વિકાસની તક મળે તે માટે કડક કાયદાનો અમલ અને જનજાગૃતિ બંને જરૂરી છે.

**સુરત - યોગેન્દ્ર પટેલ**

## તમારા નામના SIM નો અન્ય દ્વારા ઉપયોગ? તો સાવધાન!

કોઈ વ્યક્તિને હોટેલ, ઓફિસ કે અન્ય કામ માટે તમારું સિમકાર્ડ થોડા સમય માટે આપ્યું હોય તો પણ સિમકાર્ડ તમારા નામે જ નોંધાયેલું રહે છે. કામ પૂરું થયા બાદ સંબંધિત વ્યક્તિ સિમકાર્ડ પરત ન આપે અથવા તમારી મંજૂરી વિના તેનો ઉપયોગ ચાલુ રાખે, તો તરત જ સતર્ક થઈ જરૂરી પગલાં લેવા જોઈએ. ૧. સિમકાર્ડ પરત માંગો અને લખિતમાં તમારી મંજૂરી પાછી ખેંચો. ૨. તમારી ટેલિકોમ કંપનીને જાણ કરીને સિમકાર્ડ બ્લોક અથવા બંધ કરાવો. ૩. ફરિયાદ નંબર અને સંબંધિત પુરાવા સાચવી રાખો. ૪. જરૂર જણાય તો પોલીસમાં લેખિત ફરિયાદ કરો. ૫. સંચાર સાથી/ TAFCOP દ્વારા તમારા નામે કેટલાં સિમકાર્ડ ચાલુ છે તેની તપાસ કરો. તમારા નામે નોંધાયેલું સિમકાર્ડ અન્ય વ્યક્તિ ઉપયોગ કરી રહી હોય અને તેમાંથી કોઈ અનિચ્છનીય કે શંકાસ્પદ પ્રવૃત્તિ થાય, તો મુશ્કેલી ઊભી થઈ શકે છે. તેથી આવી કોઈ ઘટના બને તે પહેલાં સત્તાવાર રીતે જાણ કરવી અને જરૂરી કાર્યવાહી કરવી ખૂબ જ જરૂરી છે. સતર્કતા રાખો અને સમયાંતરે તમારા નામે ચાલતાં મોબાઈલ કનેક્શનની તપાસ કરતા રહો.

**સુરત - સીમા પરીખ**

## અન્નનો બગાડ અટકાવીએ

હિન્દુ ધર્મશાસ્ત્રો, વિષ્ણુ પુરાણ અને ગરુડ પુરાણમાં ગૃહસ્થે ભોજન પહેલાં ગાય, કૂતરા અને પક્ષીઓ માટે અન્નનો થોડો ભાગ અલગ કાઢવાની પરંપરા છે. પશુ-પક્ષીઓ માટે મનુષ્યમાં કરુણાભાવ જન્મે તે માટે આ એક સારી પરંપરા છે. પરંતુ લોકો માત્ર પુણ્ય કમાવા માટે રસ્તાના ડિવાઈડર કે ખૂણા પર રોટલીની થપ્પીઓ, મસાલાવાળો, તેલવાળો અને વાસી ખોરાકના ઢગલા ખડકી દે છે. આવો ખોરાક પશુ-પક્ષીઓના પાચનતંત્ર માટે યોગ્ય નથી. વળી, મસાલાવાળો ખોરાક તેઓ ખાતા પણ નથી. પરિણામે અન્નનો બગાડ થાય છે. ખોરાક ત્યાં જ પડી રહેવાથી સડી જાય છે અને દુર્ગંધ તથા ગંદકી ફેલાય છે. દેશમાં કેટલાય લોકોને એક ટંકનું ભોજન પણ મળતું નથી ત્યારે અન્નનો આવો વેડફાટ યોગ્ય નથી. પુણ્યદાન માટે ગૌશાળા, પાંજરાપોળ કે એનજીઓને મદદરૂપ થઈએ. આપણા કાર્યથી સામેવાળા જીવને તકલીફ ન પડે અને પશુ-પક્ષીઓને ખાવા લાયક ચણ મળી રહે, એવું આયોજન કરીએ તો પ્રભુ પણ તે જરૂર સ્વીકારશે. ઘણી વાર પુણ્ય કમાવા સિવાયનો હેતુ, એટલે કે કરુણાભાવ પણ હોય છે. પરંતુ એ કરુણાના કાર્યથી પશુ-પક્ષીઓ કે પર્યાવરણને નુકસાન ન પહોંચે તે પણ જરૂરી છે. તેથી આવી વ્યવસ્થાનો ભાગ બની અન્નનો બગાડ અટકાવીએ અને પશુ-પક્ષીઓને યોગ્ય ખોરાક મળી રહે તે માટે જાગૃત બનીએ.

**સુરત - અરુણ પંડ્યા**

## પરીક્ષા આપવા આવો, ખર્ચની કસોટી આપો!

ગુજરાતમાં આખું વર્ષ નાની-મોટી પરીક્ષાઓ લેવાતી રહે છે. એમસીક્યુ આધારિત ઑફલાઈન અને ઑનલાઈન પરીક્ષાઓ માટે દક્ષિણ ગુજરાતના વિદ્યાર્થીઓ સુરત સુધી આવતાં હોવાથી સુરત પરીક્ષા માટેનું મહત્ત્વનું હબ બની રહ્યું છે. ઉમરપાડા, ડેડિયાપાડા, સાગબારા, માંગરોળ, માંડવી, મોસાલી, મહુવા, વ્યારા, વાલોડ, કુકરમુંડા, ઉચ્છલ, સોનગઢ, ડોલવણ, વાંસદા, વઘઈ, સુબીર અને આહવા જેવા વિસ્તારોમાંથી વિદ્યાર્થીઓ સુરતમાં પરીક્ષા આપવા આવે છે. સરકાર પરીક્ષા પહેલાં ફોર્મ ભરાવે છે અને ફી પણ વસૂલે છે. ત્યારે પરીક્ષાર્થીઓ માટે પાર્કિંગ તથા બેગ-મોબાઈલ જેવી વસ્તુઓ સાચવવાની વ્યવસ્થા કરવી પણ જરૂરી છે. 9 અને 10 સપ્ટેમ્બર, 2026ના રોજ ઉન પાટિયા સ્થિત ડિજિટલ ઝોન, પ્લેટિનમ પ્લાઝા ખાતે પરીક્ષા યોજાઈ હતી. ત્યાં ગેટની બહાર બેગ રાખવા માટે વ્યક્તિદીઠ રૂ.30 લેવામાં આવતા હતા. બેલ્ટ જેવી વસ્તુ રાખવા માટે પણ નાણાં વસૂલવામાં આવતા હતા. આ બિલ્ડિંગમાં અંડરગ્રાઉન્ડ પાર્કિંગ હોવા છતાં પરીક્ષાર્થીઓને બહાર વાહન પાર્ક કરવા માટે મથામણ કરવી પડી હતી. અંદર પાર્કિંગ ખાલી હોવા છતાં પરીક્ષાર્થીઓ માટે પાર્કિંગની મનાઈ કરવામાં આવી હતી. પરીક્ષા ફી, મુસાફરી ખર્ચ અને હવે બેગ તથા પાર્કિંગના ખર્ચ વચ્ચે સામાન્ય વિદ્યાર્થી માટે પરીક્ષા આપવી જાણે કમાણી કરતાં ગુમાવાની બાબત બની રહી છે. સ્માર્ટ સિટીમાં આ 'સ્માર્ટ કમાણી' ક્યારે અટકશે?

**સુરત - હરીશ કુમાર ચૌધરી**